# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-09-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

*****************************************************

1) તમિલનાડુના કરુરમાં અભિનેતા વિજયના રોડ શોમાં થયેલી નાસભાગમાં 39ના મોત-રાજ્ય સરકારે મૃતકોના પરિજનોને દસ લાખની સહાય જાહેર કરી.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મન કી બાત કાર્યક્રમની 126મી કડીમાં આકાશવાણી પરથી પોતાના વિચારો રજૂ કરશે.

3) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે પાકિસ્તાનને આડે હાથે લેતાં કહ્યુ કે- ભારતનો એક એવો પડોશી દેશ છે જે વૈશ્વિક આતંકવાદનું કેન્દ્ર છે

4) રશિયાએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કાયમી સભ્યપદ માટે ભારતની દાવેદારીને ફરી એકવાર પોતાનો ટેકો જાહેર કર્યો

5) એશિયા કપ ટી-20 ક્રિકેટની ફાઇનલમાં આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે મૂકાબલો

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# KARUR-STAMPEDE

તમિલનાડુના કરુરમાં અભિનેતા અને રાજનેતા વિજયના રોડ શોમાં થયેલી નાસભાગમાં 39ના મોત થયા છે. જ્યારે 50થી વધુ લોકો વિવિધ હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે.

તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે.સ્ટાલિને ગઈકાલે થયેલી ભાગદોડમાં જીવ ગુમાવનારાઓના પરિવારજનો માટે 10 લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. ICUમાં સારવાર લઈ રહેલા લોકોને એક લાખ રૂપિયાની સહાય અપાશે. મુખ્યમંત્રીએ ઘટનાની તપાસ માટે વડી અદાલતના નિવૃત ન્યાયાધીશ જસ્ટિસ અરુણા જગદીસનના નેતૃત્વમાં એક સભ્યના કમિશનની જાહેરાત કરી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સોશિયલ મીડિયા પોસ્ટમાં, શોકગ્રસ્ત પરિવારના સભ્યો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને ઇજાગ્રસ્તોના વહેલા સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી છે.

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણનએ તેમના સંદેશમાં કહ્યું કે, કરુરમાં જાહેર સભામાં બનેલી દુ:ખદ ઘટનાએ અકથ્ય પીડા આપી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના પ્રિયજનો ગુમાવનારા પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને આ મુશ્કેલ સમયમાં તેમને શક્તિ મળે તેવી કામના કરી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જીવ ગુમાવનારા પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

કેન્દ્ર સરકારે તમિલનાડુ સરકારને આ ઘટના અંગે અહેવાલ રજૂ કરવા નિર્દેશ આપ્યો છે.

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 126મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

# VICE-PRESIDENT-BIHAR

ઉપ-રાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજે બિહારની મુલાકાત લેશે. તેઓ પટનામાં ઉન્મેષ આંતરરાષ્ટ્રીય સાહિત્ય મહોત્સવના ત્રીજા સંસ્કરણના સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે.

એશિયાના સૌથી મોટા સાહિત્ય ઉત્સવોમાંના એક તરીકે પ્રખ્યાત, આ કાર્યક્રમમાં દેશ-વિદેશના 600થી વધુ સાહિત્યકારો, કલાકારો અને નાટ્ય કલાકારો ઉપસ્થિત રહેશે, જે 90થી વધુ ભાષાઓ અને બોલીઓનું પ્રતિનિધિત્વ કરે છે.

ઉપરાષ્ટ્રપતિ મુઝફ્ફરપુરના કટરા સ્થિત ચામુંડા દેવી મંદિરની પણ મુલાકાત લેશે.

# JAISHANKAR-UNGA

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું કે, ભારતની સામે એક એવો પડોશી દેશ છે જે વૈશ્વિક આતંકવાદનું કેન્દ્ર છે અને ભારતે સ્વતંત્રતા બાદથી સતત આતંકવાદના પડકારનો સામનો કર્યો છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 80મા સત્રને સંબોધતા ડૉ. જયશંકરે ભાર મૂક્યો કે દાયકાઓથી, વિશ્વમાં મોટા આતંકવાદી હુમલાઓના મૂળિયાં તે દેશમાં જ નંખાયેલા છે. વિદેશ મંત્રીએ આ વર્ષે એપ્રિલમાં પહેલગામ આતંકવાદી હુમલાનો પણ ઉલ્લેખ કરતા જણાવ્યું કે ભારતે આતંકવાદ સામે પોતાના લોકોને બચાવવાના પોતાના અધિકારનો ઉપયોગ કર્યો હતો.

ડૉ. જયશંકરે કહ્યું કે, સંયુક્ત રાષ્ટ્ર હાલમાં કટોકટીની સ્થિતિમાં છે જેમાં સુધારાઓનો વિરોધ તેની વિશ્વસનીયતાના ધોવાણનું એક મુખ્ય કારણ છે. તેમણે પરિષદના કાયમી અને બિન-કાયમી સભ્યપદના વિસ્તરણ માટે હાકલ કરી હતી.

# EAM-UN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર ગઈકાલે રાત્રે ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસને મળ્યા. તેમણે સંયુક્ત રાષ્ટ્રની 80મી વર્ષગાંઠ, ભૂરાજકીય વલણો, અને ભારતના દ્રષ્ટિકોણ પર ચર્ચા કરી. તેમણે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 80મા સત્રના પ્રમુખ અન્નાલેના બેરબોકને પણ મળ્યા હતા.

ડૉ. જયશંકરે શ્રીમતી બેરબોકને તેમના પ્રમુખપદ માટે ભારતના સંપૂર્ણ સમર્થનની ખાતરી આપી.

વિદેશ મંત્રીએ સાઉદી અરેબિયાના તેમના સમકક્ષ ફૈઝલ બિન ફરહાનને મળ્યા. તેઓએ દ્વિપક્ષીય સહયોગ અને પ્રાદેશિક પરિસ્થિતિ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું. ડૉ. જયશંકરે તેમના અલ્જેરિયન સમકક્ષ અહેમદ અત્તાફને પણ મળ્યા હતા.

# COLD DESERT BIOSPHERE RESERVE

હિમાચલ પ્રદેશમાં આવેલા કોલ્ડ ડેઝર્ટ બાયોસ્ફિયર રિઝર્વને યુનેસ્કો વર્લ્ડ નેટવર્ક ઓફ બાયોસ્ફિયર રિઝર્વમાં સામેલ કરાયું છે. ચીનના હાંગઝોઉમાં વર્લ્ડ બાયોસ્ફિયર રિઝર્વ કોંગ્રેસમાં આ જાહેરાત કરવામાં આવી હતી.

આ સ્થળ હવે વૈશ્વિક નેટવર્કમાં સામેલ ભારતનું 13મું સ્થળ બની ગયું છે. જેમાં પિન વેલી નેશનલ પાર્ક અને કિબ્બર વાઇલ્ડલાઇફ સેન્ચ્યુરી જેવા સંરક્ષિત વિસ્તારોનો સમાવેશ થાય છે.

સાંભળીએ એક અહેવાલ......

(BYTE: RITESH KAPOOR, SHIMLA)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# GST-ELECTRONICS AND AUTOMOBILE

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આ મહિનાની 22મી તારીખથી શરૂ થયેલા GST બચત ઉત્સવનો સમાજના તમામ વર્ગોને લાભ થઈ રહ્યો છે. ઇલેક્ટ્રોનિક્સ અને ઓટોમોબાઇલ ક્ષેત્રમાં GST દર ઘટાડા અંગે સાંભળીએ એક અહેવાલ:**

**(VOICE CAST – હર્ષલ પંડ્યા)**

***(GST 2.0 હેઠળ, એર કંડિશનર, ડીશવોશર અને મોટી સ્ક્રીનવાળા LCD અને LED ટેલિવિઝન જેવી મુખ્ય ઘરગથ્થુ ઇલેક્ટ્રોનિક વસ્તુઓ પરનો દર 28 ટકાથી ઘટાડીને 18 ટકા કરાયો છે. આ પગલાથી ભારતના ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રને પ્રોત્સાહન મળતાં ગ્રાહકો માટે આ ઉત્પાદનો વધુ સસ્તા થયા છે. નવા માળખામાં***

*ટુ-વ્હીલર અને નાની કાર પરના GST દરમાં ઘટાડો પણ શામેલ છે. 350 CC સુધીના ટુ-વ્હીલર્સને અગાઉના 28 ટકાથી 18 ટકાના સ્લેબમાં આવરી લેવાયાં છે. આ નિર્ણયથી વાહનો વધુ સસ્તા બન્યા છે અને પહેલી વાર વાહન ખરીદનારાઓને પ્રોત્સાહન મળશે.*

*હર્ષલ પંડ્યા આકાશવાણી સમાચાર અમદાવાદ)*

# BHAGAT SINGH - ANNIVERSARY

આજે ક્રાંતિકારી સ્વાતંત્ર્ય સેનાની ભગતસિંહને તેમની 118મી જન્મજયંતિ પર રાષ્ટ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. 1907માં આજના દિવસે, ભગતસિંહનો જન્મ પંજાબના લ્યાલપુર જિલ્લાના બાંગા ગામમાં થયો હતો, જે હવે પાકિસ્તાનમાં છે. પ્રસ્તુત છે એક અહેવાલ

(વોઇસ કાસ્ટ: રાજીવ ભલ્લા)

# SANGHAVI ON CYBER FRAUD

ગુજરાત પોલીસે સાયબર છેતરપિંડીનો ભોગ બનેલા નાગરિકોને પાંચ કરોડ 51 લાખ રૂપિયાથી વધુની રકમ પરત અપાવી છે. સાથે જ 804 કરોડ રૂપિયાના આંતર-રાષ્ટ્રીય સાયબર ગુના સમૂહનો પર્દાફાશ કર્યો છે. ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ માહિતી આપી.

તેમણે કહ્યું, ગુજરાત પોલીસ દુબઈ, વિએતનામ અને કમ્બોડિયાથી સંચાલિત થતા એક વિશાળ સમૂહની માહિતી સામે લાવી છે.

# RUSSIA-INDIA-UNSC-SEAT

રશિયાએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ-UNSCમાં કાયમી સભ્યપદ માટે ભારતની દાવેદારીને ફરી એકવાર પોતાનો ટેકો જાહેર કર્યો છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 80મા સત્રમાં, રશિયાના વિદેશ મંત્રી, સેર્ગેઈ લવરોવે વર્તમાન વૈશ્વિક પરિદૃશ્યને પ્રતિબિંબિત કરવા UNSCમાં સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

તેમણે જણાવ્યું કે, રશિયા, એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકામાંથી પ્રતિનિધિત્વ વધારવા માટે બ્રાઝિલની સાથે, કાયમી બેઠક માટે ભારતની અરજીને સમર્થન આપે છે. પોતાના ભાષણમાં, તેમણે ગ્લોબલ સાઉથની સામૂહિક સ્થિતિને આકાર આપવામાં SCO અને BRICS જેવા મંચના મહત્વ પર પણ ભાર મૂક્યો.

# ASIA-CUP-CRICKET

ભારત આજે દુબઈમાં એશિયા કપ T20 ક્રિકેટ મેચની ફાઇનલમાં પાકિસ્તાન સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 8 વાગ્યે શરૂ થશે.

એશિયા કપના 41 વર્ષના ઇતિહાસમાં આ પહેલી વાર બનશે જ્યારે બંને ટીમો ફાઇનલમાં એકબીજા સામે ટકરાશે. ભારતે અત્યાર સુધીમાં આઠ વખત

એશિયા કપ જીત્યો છે. આ વર્ષે, બંને ટીમો ટૂર્નામેન્ટમાં ત્રીજી વખત એકબીજા સામે ટકરાશે.

# SAFF-U17-CHAMPIONSHIP

ભારતે ગઈકાલે કોલંબોમાં રમાયેલી પેનલ્ટી શૂટઆઉટ મેચમાં બાંગ્લાદેશને 4-1થી હરાવીને સાતમી વખત SAFF-U-17 ફૂટબોલ સ્પર્ધા જીતી લીધી છે. દલ્લામુઓન ગંગટે અને અઝલાન શાહના ગોલથી ભારત શરૂઆતમાં 2-1થી આગળ હતું ત્યારબાદ રમત 2-2થી બરાબર થઈ અને અંતે શૂટઆઉટમાં ભારતનો વિજય થયો.

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે ચૈતાલી જોશી

- આજે મોટાભાગના અખબારોએ તામિલનાડુના કરૂરમાં સર્જાયેલી નાસભાગની દુર્ઘટનાના સમાચાર હેડલાઇનમાં પ્રકાશિત કર્યા છે..
- આજે ફૂલછાબ,દિવ્યભાસ્કર,ધ સનડે express અને નવગુજરાત સમયમાં તમિલનાડુના કરુરમાં અભિનેતા-રાજનેતા વિજય થલપતિ ની રેલી માં ભીડ બેકાબૂ થતાં 31 લોકોના મૃત્યુ થયા હતા. મુખ્યમંત્રી સ્ટાલિને તુરંત તપાસના આદેશ આપ્યા છે. તમામ અખબારોએ પહેલા પેજ ઉપર તસવીર સાથે આ સમાચાર પ્રસિધ્ધ કર્યા છે.
- એશિયા કપમાં 41 વર્ષ બાદ ભારત પાકિસ્તાનનો મૂકબલો , મૃતકના ખાતામાંથી પંદર લાખ ઉપાડી શકાશે તેવા આરબીઆઇના નવા સુધારાને પણ તમામ અખબારોએ મહત્વું સ્થાન આપ્યું છે. યુએનમાં ભારતે પાકિસ્તાનને આ્ડે હાથે લીધી હોવાના સમાચારને પણ તમામ અખબારોએ પહેલા પાના ઉપર સ્થાન આપ્યું છે..